ગુજરાત પોલીસ ભરતી બોર્ડ
પોલીસ ભરતી બોર્ડની કચેરી,
બંગલા નંબર: ગ-૧૨, સરિતા ઉદ્યાનની નજીક,
સેકટર-૯, ગાંધીનગર – ૩૮૨૦૦૭

---

## ગુજરાત રાજ્ય પોલીસ દળ, વર્ગ-૩ સંવર્ગના પો.સ.ઇ. કેડર તથા લોકરક્ષક કેડરની જગ્યાઓમાં સીધી ભરતી માટેની જાહેરાત ક્રમાંક: GPRB/202526/1 અન્વયે વિગતવારની સુચનાઓ

સરકારશ્રીના ગૃહવિભાગ, ગાંધીનગરના તા.૦૭/૦૩/૨૦૨૪ના ઠરાવ ક્રમાંકઃમહક/૧૦૨૦૧૯/ ૫૭૦૨૩૫/સ થી ગુજરાત પોલીસ ભરતી બોર્ડની રચના કરવામાં આવેલ છે.

ગુજરાત રાજય પોલીસ દળ, વર્ગ-૩ ની પો.સ.ઇ. કેડરની બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર, હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર (પ્લાટુન કમાન્ડર) તથા જેલર ગ્રુપ-૨ તેમજ લોકરક્ષક કેડરની બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (એસ.આર.પી.એફ.) અને જેલ સિપોઇની ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા ફકત ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ સંવર્ગની સબંધિત જગ્યાના ભરતી નિયમોની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ લાયકાત પરિપૂર્ણ કરતા અને ઇચ્છા ધરાવતા ઉમેદવારોએ તા.૦૩/૧૨/૨૦૨૫ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા.૨૩/૧૨/૨૦૨૫ (રાત્રિના ૨૩:૫૯ કલાક સુધી) દરમ્યાન http://ojas.gujarat.gov.in વેબસાઇટ પર જઇ ઓનલાઇન અરજી કરવાની રહેશે.

ઉમેદવારે ઓનલાઇન અરજી કરતા પહેલા ભરતીને લગતી માહિતી અને સૂચનાઓ ઉકત વેબસાઇટ પરથી સંપૂર્ણપણે કાળજીપૂર્વક વાંચી લેવાની રહેશે. ઉમેદવારોએ ઓનલાઇન અરજી કન્ફર્મ(CONFIRM) થયા પછી તેની પ્રિન્ટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે અને જ્યારે માંગવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે. ટપાલ, રૂબરૂ, ઇ-મેઇલ કે અન્ય માધ્યમથી મોકલવામાં આવેલ અરજીપત્રકો ધ્યાને લેવામાં આવશે નહીં તેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

ઓનલાઇન મુસદ્દા મુજબ અરજી કરેલ નહીં હોઇ, અરજીમાં દર્શાવેલ વિગતો અધુરી કે અસંગત હશે, સામાન્ય વર્ગના ઉમેદવારે સમય મર્યાદામાં ફી ભરેલ નહીં હોઇ, તો આવા તમામ ઉમેદવારોની અરજીઓ અમાન્ય ઠરશે.

ઓનલાઇન અરજી કરતી વખતે ઉમેદવારે પોતાના તાજેતરના રંગીન પાસપોર્ટ સાઇઝના ફોટાની ઇમેજ ૧૫ KB અને સ્પષ્ટ વંચાય તેવી સહીની ઇમેજ ૧૫ KB સાઇઝથી વધે નહીં તે રીતે JPG ફોર્મેટમાં અપલોડ કરવાના રહેશે.

ઉમેદવાર જો (૧) ફકત પો.સ.ઇ. કેડર માટે અરજી કરવા માંગતા હોય તો તેઓએ Online Application માં PSI Cadre પસંદ કરવાનું રહેશે (૨) ફકત લોકરક્ષક કેડર માટે અરજી કરવા માંગતા હોય

તો તેઓએ Online Application માં Lokrakshak Cadre પસંદ કરવાનું રહેશે (૩ ) જો બંન્ને કેડર માટે (પો.સ.ઇ. કેડર તથા લોકરક્ષક કેડર) અરજી કરવા માંગતા હોય તો તેઓએ Online Application માં Both (PSI and Lokrakshak Cadre) પસંદ કરવાનું રહેશે

1. સંવર્ગવાર જગ્યાઓની વિગત નીચે મુજબ છે :-

| અ. નં. | સંવર્ગનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ (તમામ) | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | સા.શૈ. પછાત વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | સા.શૈ. પછાત વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ |
| 1 | બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર | 659 | 274 | 65 | 177 | 45 | 98 | 91 | 21 | 58 | 15 | 32 |
| 2 | હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર (પલાટુન કમાન્ડર) | 129 | 50 | 18 | 33 | 10 | 18 | - | - | - | - | - |
| 3 | જેલર ગ્રુપ-૨ (પુરૂષ) | 70 | 31 | 7 | 18 | 4 | 10 | - | - | - | - | - |
| 4 | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | 6942 | 2908 | 722 | 1792 | 478 | 1042 | 960 | 238 | 591 | 158 | 344 |
| 5 | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | 2458 | 1132 | 301 | 498 | 158 | 369 | 374 | 99 | 164 | 52 | 122 |
| 6 | જેલ સિપોઇ (પુરૂષ) | 300 | 123 | 30 | 81 | 21 | 45 | - | - | - | - | - |
| 7 | જેલ સિપોઇ (મહિલા / મેટ્રન) | 31 | 13 | 3 | 8 | 2 | 5 | - | - | - | - | - |
| 8 | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (S.R.P.F.) | 3002 | 1232 | 300 | 810 | 210 | 450 | - | - | - | - | - |
| | **કુલ:** | **13591** | **5763** | **1446** | **3417** | **928** | **2037** | **1425** | **358** | **813** | **225** | **498** |

- માજી સૈનિક ઉમેદવારો માટે ઉપરોકત કુલ-13591 મુજબ 10% લેખે નિયમોનુસાર 1359 જગ્યાઓ અનામત મળવાપાત્ર છે.

**ખાસ નોંધ :**

A. ઉપર દર્શાવેલ જગ્યાઓમાં વધઘટ થવાની શકયતા રહેલ હોઇ, જગ્યાઓમાં વધઘટ થઇ શકશે

B. ભરતી બોર્ડ / સરકારશ્રી / નામદાર હાઇકોર્ટ / નામદાર સુપ્રીમ કોર્ટ તરફથી વખતો વખત જે નિર્ણય / ચુકાદો આવશે તે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

C. સીધી ભરતીથી પસંદ થનાર તમામ ઉમેદવારોની નિમણુંક પ્રવર્તમાન ભરતી નિયમો / પરીક્ષા નિયમો તથા નીતી વિષયક હુકમો/નિયમોને અનુલક્ષીને કરવામાં આવશે અને તે તમામ જોગવાઇઓ ઉમેદવારને બંધનકર્તા રહેશે.

D. નિયમો/ઠરાવો/પરિપત્રો સામાન્ય રીતે ભરતી બોર્ડની વેબસાઇટ https://gprb.gujarat.gov.in તથા ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગની વેબ સાઇટ http://home.gujarat.gov.in તેમજ સામાન્ય વહીવટ વિભાગની વેબ સાઇટ http://gad.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ હોય છે.

E. તમામ સંવર્ગની જગ્યાઓ માટે વય મર્યાદા, શૈક્ષણિક લાયકાત, અનામતને લગતા પ્રમાણપત્રો, NCC “C” પ્રમાણપત્ર, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (અગાઉ રક્ષા શક્તિ યુનિવર્સિટી તરીકે ઓળખાતી) અથવા નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (અગાઉ ગુજરાત ફોરેન્સિક યુનિવર્સિટી તરીકે ઓળખાતી) નું પ્રમાણપત્ર, રમત-ગમતનું પ્રમાણપત્ર, વિધવાનું પ્રમાણપત્ર સીધી ભરતી થવા માટેની વધારાની તમામ લાયકાત અને તમામ પ્રકારના પ્રમાણપત્ર અરજી કરવાની છેલ્લી તારીખ ૨૩/૧૨/૨૦૨૫ સુધીમાં ઇશ્યુ થયેલા હોવા જોઇએ.

F. કોઇપણ અનામત જાતિનો લાભ લેનાર ઉમેદવારની પાસે અરજી કરવાની છેલ્લી તારીખ ૨૩/૧૨/૨૦૨૫ સુધીમાં ઇશ્યુ થયેલ હોય તેવા જે તે જાતિના માન્ય પ્રમાણપત્રો હોવા જરૂરી છે. આવુ પ્રમાણપત્ર નહીં ધરાવનાર ઉમેદવારને અનામતના લાભ મળવાપાત્ર રહેશે નહીં.

G. અનામત વર્ગના ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન અનામતના ધોરણો લાગુ પડશે.

## 2. વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાત :

### (A) પો.સ.ઇ. કેડર માટે

પો.સ.ઇ. કેડરની જગ્યા માટે નીચે મુજબની વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાત રહેશે.

| વય-મર્યાદા (સામાન્ય વર્ગ) | શૈક્ષણિક લાયકાત |
|---|---|
| મહત્તમ-૩૫ વર્ષ (તા.૨૩/૧૨/૧૯૯૦ અથવા ત્યાર બાદ જન્મેલ) | ઉમેદવાર ભારતમાં અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અન્ય કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ-૧૯૫૬ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ **સ્નાતકની પદવી** ધરાવતા હોવા જોઇશે અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત ધરાવતા હોવા જોઇશે. |

### (B) લોકરક્ષક કેડર માટે

લોકરક્ષક કેડરની જગ્યા માટે નીચે મુજબની વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાત રહેશે.

| વય-મર્યાદા (સામાન્ય વર્ગ) | શૈક્ષણિક લાયકાત |
|---|---|
| ૧૮ વર્ષ કરતા ઓછી ન હોવી જોઇએ અને ૩૩ વર્ષ કરતા વધુ ન હોવી જોઈએ. (તા.૨૩/૧૨/૧૯૯૨ થી તા.૨૩/૧૨/૨૦૦૭ સુધીમાં જન્મેલ) | ધોરણ ૧૨ પાસ-હાયર સેકન્ડરી પરીક્ષા અથવા ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૦૫/૨૦૧૨ ના ઠરાવ નં.રવભ-૧૦૨૦૧૧-યુ.ઓ.૧૯૦.ક માં જણાવ્યા મુજબ ધોરણ-૧૨ સમકક્ષ પરીક્ષા પાસ હોવા જોઇએ. |
| ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં લોકરક્ષક કેડર ભરતી માટે ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે. | |

3. **પો.સ.ઇ. કેડર અને લોકરક્ષક કેડરમાં ઉપલી વય મર્યાદા બાબતે સુચનાઓઃ**

| અ.નં. | કેટેગીરી | છુટછાટ | મહત્તમ વયમર્યાદા |
|---|---|---|---|
| ૧ | જનરલ (સામાન્ય) કેટેગરીના મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ | - |
| ૨ | અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ | - |
| ૩ | અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦) | ૧૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| ૪ | રમતવીરો માટે ઉપર જણાવેલ અ.નં. ૧ થી ૩ મુજબની છુટછાટ ઉપરાંત ઉપલી વય મર્યાદામાં વધારાની છુટ | ૫ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| ૫ | માજી સૈનિક ઉમેદવારો | ઉપલી વય મર્યાદામાં તેઓએ બજાવેલ ફરજના સમયગાળા ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે. | |

મૂળ ગુજરાતનાં અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગ, અને આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવારો તરીકે લાભ મળશે.

4. **પો.સ.ઇ. કેડર અને લોકરક્ષક કેડર માટે જરૂરી સુચનાઓઃ**

(4.1) **કોમ્પ્યુટર જ્ઞાન :**

ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો- ૧૯૬૭ માં દર્શાવ્યા મુજબ ઉમેદવાર કોમ્પ્યુટર એપ્લીકેશનનું બેઝીક નોલેજ ધરાવતો હોવો જોઇએ.

(4.2) તમામ ઉમેદવારો ભરતી નિયમો મુજબ ગુજરાતી અથવા હિન્દી અથવા બન્ને ભાષાનું જરૂરી જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

(4.3) નાગરિકત્વ અને સારા ચારિત્ર્ય અંગેની ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇઓ ઉમેદવારોએ પરિપૂર્ણ કરવાની રહેશે.

**(4.4) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોઃ**

(A) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) ના ઉમેદવારોએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ / ૨૦૨૩-૨૪ / ૨૦૨૪-૨૫ની આવકના આધારે ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના તા.૨૭.૦૪.૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃ સસપ/૧૧૦૯/૧૬૬૩/અ થી રાજય સરકારની નોકરી માટે નિયત થયેલ **પરિશિષ્ટ-૪** મુજબ ગુજરાતી નમૂનામાં નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટ **તા.૦૧/૦૪/૨૦૨૩ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૨૩/૧૨/૨૦૨૫** સુધીમાં મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(B) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના તા.૧૮/૦૮/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૧૭/૧૨૪૩૮૨/અ થી ઠરાવેલ જોગવાઇઓને ધ્યાને લેતાં ઉકત 4.4(A)માં દર્શાવેલ પરિશિષ્ટ-૪ મુજબના પ્રમાણપત્રના વિકલ્પે ઉમેદવારે **તા.૦૧/૦૪/૨૦૨૫ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૨૩/૧૨/૨૦૨૫** દરમિયાનમાં કેન્દ્ર સરકાર હેઠળની નોકરીઓમાં અનામત માટે ભારત સરકારે ઠરાવેલ **Annexure-A** મુજબના નમૂનામાં મેળવેલું હોય તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનુ રહેશે.

(C) ઉકત 4.4(A) અથવા 4.4(B) મુજબનું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો જ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કેટેગીરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં તેઓની પસંદગી થયેથી તેઓનો સમાવેશ સામાન્ય કેટેગીરીના ઉમેદવાર તરીકે કરવામાં આવશે.

(D) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC)ના પરિણીત મહિલા ઉમેદવારે આવું નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેની અરજી “રદ” કરવામાં આવશે.

(E) ઉમેદવારે ઉકત 4.4(A) અથવા 4.4(B) મુજબ મેળવેલા અસલ પ્રમાણપત્રનો નંબર અને પ્રમાણપત્ર ઇશ્યૂ તારીખ ઓનલાઇન અરજી કરીતે વખતે દર્શાવવાના રહેશે. ઉમેદવારે ઓનલાઇન અરજી કરતી વખતે જે નોન-ક્રિમીલેયર સર્ટિફિકેટની વિગતો જણાવેલ હોય તે જ પ્રમાણપત્ર ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાનું રહેશે. જો આવા પ્રમાણપત્રમાં ભૂલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો આવું પ્રમાણપત્ર ધ્યાને લેવામાં આવશે નહિ. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ નિયત સમયમર્યાદાનું પ્રમાણપત્ર રજૂ ન કરી શકનાર ઉમેદવારો બિનઅનામત ઉમેદવારો માટે નકકી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

**(4.5) આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોઃ**

(A) આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના ઉમેદવારોએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના તા.૨૫/૦૧/૨૦૧૯ અને તા.૧૩/૦૯/૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃ ઇ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઇથી નિયત થયેલ નમૂના Annexure-KH (અંગ્રેજી) અથવા પરિશિષ્ટ-ગ (ગુજરાતી)ના નમૂના **તા.૨૩/૧૨/૨૦૨૨ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૨૩/૧૨/૨૦૨૫** સુધીમાં મેળવેલું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(B) ઉકત 4.5(A) માં જણાવેલ પ્રમાણપત્રના વિકલ્પે આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના ઉમેદવારોએ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ની આવકના આધારે **તા.૦૧/૦૪/૨૦૨૫ થી**

**અરજી સ્વીકારવાની છેલ્લી તા.૨૩/૧૨/૨૦૨૫** સુધીમાં ભારત સરકાર હેઠળના EWS અનામતના લાભ માટે Income and Asset Certificate મેળવેલ હોય તે પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(C) ઉકત 4.5(A) અથવા 4.5(B) જણાવેલ પ્રમાણપત્રો સિવાયના અન્ય કોઇ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહીં. આર્થિક રીતે નબળા વર્ગ (EWS) ના જે ઉમેદવારો આ બંન્ને પ્રમાણપત્રો પૈકી કોઇ એક પ્રમાણપત્ર ધરાવતા હશે તેઓને જ ઉપલી વયર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કેટેગીરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. ગુજરાત સરકારની યોજનાઓના લાભ હેતુના પ્રમાણપત્રને કોઇપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહીં.

(D) ઉમેદવારે ઉકત 4.5(A) અથવા 4.5(B) મુજબ મેળવેલા અસલ પ્રમાણપત્રનો નંબર અને પ્રમાણપત્ર ઇશ્યૂ તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે અને દર્શાવેલ વિગતો મુજબનું અસલ પ્રમાણપત્ર ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાનું રહેશે. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજૂ ન કરી શકનાર ઉમેદવારો બિનઅનામત ઉમેદવારો માટે નકકી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

**(4.6) શારીરિક ધોરણો (લઘુત્તમ):**

**(A) પુરૂષ ઉમેદવારો માટે :**

| વર્ગ | ઉંચાઇ (સે.મી.) | છાતી (સે.મી.) | |
|---|---|---|---|
| | | ફુલાવ્યા વગરની | ફુલાવેલી* |
| મૂળ ગુજરાતના અનુસુચિત જન જાતિના ઉમેદવારો માટે | ૧૬૨ | ૭૯ | ૮૪ |
| અનુસુચિત જન જાતિના ઉમેદવારો સિવાયના તમામ માટે | ૧૬૫ | ૭૯ | ૮૪ |

* છાતીનો ફુલાવો ઓછામાં ઓછો ૫ સે.મી. થવો અનિવાર્ય છે.

**(B) મહિલા ઉમેદવારો માટે :**

| **વર્ગ** | **ઉંચાઇ (સે.મી. માં)** |
|---|---|
| મૂળ ગુજરાતના અનુસુચિત જનજાતિના ઉમેદવારો માટે | ૧૫૦ |
| અનુસુચિત જન જાતિના ઉમેદવારો સિવાયના તમામ માટે | ૧૫૫ |

(4.7) ભરતી નિયમો (વખતો વખતના સુધારા સાથે)ના Appendix ‘A’ મુજબની માહિતી નીચે મુજબ છે.

(A) The candidate with any one or more of the following physical defects shall be considered physically unfit:-

Knock Knee, Pigeon Chest, Squint Eye, Flat Feet, Varicose Veins, Hammer Toes, Fractured Limb, Decayed Teeth, Communicable Skin Disease, Colour Blindness.

ઉમેદવાર નીચે જણાવ્યા પૈકીની એક કે વધારે શારીરિક ખામી ધરાવતો હશે તો તેને શારીરિક રીતે અયોગ્ય ગણવામાં આવશે.

1. વાંકા ઢીંચણવાળા (Knock Knee)
2. કુલેલી છાતી (Pigeon Chest)
3. ત્રાંસી આંખ (Squint Eye)
4. સપાટ પગ (Flat Feet)
5. કાયમની અતિશય કુલેલી નસ (Varicose Veins)
6. કુલેલો અંગુઠો (Hammer Toes)
7. અસ્થિભંગ અંગ (Fractured Limb)
8. સડેલા દાંત (Decayed Teeth)
9. ચેપી ચામડીના રોગ (Communicable Skin Disease)
10. રંગ અંધત્વની ખામી (Colour Blindness)

**નોંધઃ** મુદ્દા નં. 10 જેલ સિપોઇ (મહિલા/પૂરૂષ) માટે લાગુ પડતુ નથી.

(B) SHAPEI Means-

| | |
|---|---|
| S | Psychological |
| H | Hearing |
| A | Appendage |
| P | Physical capacity for normal work |
| E | Eye sight |
| I | Means fit in all respects to perform normal professional functions under each of the above mentioned heads. |

SHAPE-I એટલે કે, ઉમેદવાર માનસિક, શ્રવણશકિત, અપેન્ડેજ (Appendage), સામાન્ય કામ માટે ભૌતિક ક્ષમતા, દ્રષ્ટિ વિગેરેમાં સામાન્ય વ્યવસાયિક કાર્યો કરવા અંગે સંપૂર્ણ રીતે સક્ષમ હોવા જોઇશે.

(C) The candidate shall be free from surgical deformities like knock-knee, flat-feet and shall not have a past history of fits or psychiatric ailments, varicose vein, etc.

નોંધઃ ગુજરાતીમાં અનુવાદ ઉમેદવારોના માર્ગદર્શન માટે છે. કોઇ વિવાદના કિસ્સામાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલ પરીક્ષા / ભરતી નિયમો આખરી ગણાશે.

**(4.8)** ભરતી નિયમોમાં જણાવેલ માપદંડ મુજબ ઉમેદવારે નિમણુંક પૂર્વે જરૂરી તબીબી પરિક્ષણમાં પાસ થવાનું રહેશે.

(4.9) નિમણુંક પામનાર ઉમેદવારોએ અમલમાં હોય તેવા સરકારના નિયમો/હુકમો મુજબ હિન્દી/ગુજરાતી/અંગ્રેજી ભાષાની તાલીમ/ અન્ય ખાતાકીય તાલીમ/ પૂર્વસેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા આપવાની અને પાસ કરવાની રહેશે.

(4.10) નિમણુંક પામનાર તમામ ઉમેદવારોને પ્રવર્તમાન નવ વર્ધિત પેન્શન યોજના લાગુ પડશે.

(4.11) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ વિગતો કોઇપણ તબક્કે ખોટી માલુમ પડશે તો તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે તેમજ તેમની ઉમેદવારી પણ રદ કરવામાં આવશે.

(4.12) જાહેરાત કોઇપણ કારણોસર રદ કરવાની કે જાહેરાતમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો ભરતી બોર્ડ/સરકારશ્રીનો સંપૂર્ણ હક્ક અને અધિકાર રહેશે. ભરતી બોર્ડ/સરકારશ્રી આ માટે કારણો આપવા બંધાયેલ નથી.

(4.13) ઓનલાઇન એપ્લીકેશન સ્વીકારવાની મુદ્દત પૂર્ણ થયા બાદ આગામી ભરતી પ્રક્રિયા જેવી કે, શારીરિક કસોટીની માહિતી, લેખિત પરીક્ષાની માહિતી, દસ્તાવેજ ચકાસણીની માહિતી તથા અન્ય જરૂરી માહિતી વખતો વખત ભરતી બોર્ડની વેબસાઇટ https://gprb.gujarat.gov.in અથવા https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપર મૂકવામાં આવશે. જેથી તે અંગે માહિતગાર રહેવાનું રહેશે.

(4.14) મહિલાઓની અનામત જગ્યાઓ માટે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૨/૦૫/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંકઃસીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨, તા.૧૧/૧૧/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃસીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨(ભાગ-૧), તા.૦૨/૦૯/૨૦૨૦ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ ની જોગવાઇઓ લાગુ પડશે.

(4.15) માજી સૈનિક માટે THE GUJARAT CIVIL SERVICES (RESERVATION OF VACANCIES FOR EX-SERVICEMEN IN CLASS III AND CLASS IV POST AND SERVICE RULES,1975 તથા વખતો-વખતના સુધારામાં કરેલ જોગવાઇ મુજબ માજી સૈનિક માટે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકાર દ્વારા ધારાધોરણ મુજબ એકસ સર્વિસમેનની પરિભાષામાં આવતું હોય તેમજ ગુજરાત રાજ્યની સબંધિત જીલ્લા સૈનિક કલ્યાણ કચેરીઓ તરફથી એકસ સર્વિસમેનના ઓળખપત્ર ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ ૨૩/૧૨/૨૦૨૫ સુધીમાં ઇસ્યુ થયા હોય અથવા અરજી કરવાની છેલ્લી તારીખ ૨૩/૧૨/૨૦૨૫ થી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત થનાર હોય (સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંકઃGAD/ERE/e-file/1/2023/5258/G.2 ને આધિન) તેઓને જ માજી સૈનિક તરીકે ગણવામાં આવશે.

(4.16) શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ (General, EWS, SEBC, SC, ST) માજી સૈનિક, SEBC માટે નોન ક્રિમિલેયર સર્ટીફીકેટ, EWS માટે પાત્રતા પ્રમાણપત્ર, વધારાના ગુણ વિગેરેના અસલ પ્રમાણપત્રોને આધારે ઓનલાઇન અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. ઓનલાઇન અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ ભરતી બોર્ડ માંગે ત્યારે ઉમેદવારે અસલમાં (પ્રમાણિત ઝેરોક્ષ નકલો સહીત) રજુ કરવાના રહેશે.

(4.17) ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ), જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત કે અન્ય બીજી કોઇ વિગતો પાછળથી બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

ઓનલાઇન અરજીમાં દર્શાવેલ કેટેગરી (જાતિ), જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત કે અન્ય બીજી કોઇ વિગતો અને ઉમેદવારની ખરેખર કેટેગરી (જાતિ), જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત કે અન્ય બીજી કોઇ વિગતોમાં તફાવત પડશે તો તે અંગે બોર્ડનો નિર્ણય આખરી રહેશે.

(4.18) ઉમેદવાર ઓનલાઇન અરજીપત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર દર્શાવે તે જ નંબર ચાલુ રાખવો. ભવિષ્યમાં ભરતી બોર્ડ તરફથી આ ભરતી પ્રક્રિયાને સબંધિત સૂચનાઓ ઉમેદવારને આ મોબાઇલ નંબર પર SMS થી મોકલવામાં આવશે. તેથી મોબાઇલ નંબર નહીં બદલવા સુચન છે. ઉમેદવાર ઓનલાઇન અરજીપત્રક ભરતી વખતે પોતાનું જ ઇમેઇલ આઇડી દર્શાવે તે હિતાવહ છે. જો પોતાનું ઇમેઇલ આઇડી ન હોય તો પોતાના માતા/પિતા/ભાઇ/બહેન જેવા અંગત સગાઓના ઇમેઇલ આઇડી દર્શાવવા સલાહ છે. અન્ય ત્રાહિત વ્યક્તિઓના ઇમેઇલ આઇડી ન દર્શાવવા સલાહ છે.

(4.19) ભરતી પ્રક્રિયા માટે પરવાનગી આપતા પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઇપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થશે તે ઉપરાંત –

(ક) ભરતી બોર્ડ, તે ઉમેદવારને ગેરલાયક ઠરાવી શકશે, અથવા

(ખ) રાજ્ય સરકાર, પોતાના હેઠળની કોઇપણ નોકરી માંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદ્દત માટે ગેરલાયક/ બાકાત કરી શકશે.

(4.20) ગેરરીતિ સબબ તમામ સરકારી ભરતી માટે ગેરલાયક ઠરેલ ઉમેદવારો અથવા પોલીસ ભરતી બોર્ડની ભરતી માટે ગેરરીતિ સબબ ગેરલાયક ઠરેલ ઉમેદવારો આ ભરતી માટે લાયક ગણાશે નહિં. ભરતીના કોઇપણ તબક્કે આ બાબત ધ્યાને આવતાં ઉમેદવારની ઉમેદવારી રદ કરવામાં આવશે અને જો પસંદગી થયેલ હશે તો પણ તે રદ કરવાને પાત્ર રહેશે.

અન્ય કોઇ એક જ ભરતી બોર્ડની ભરતી માટે ગેરરીતિ સબબ ગેરલાયક ઠરેલ ઉમેદવારો જો પોલીસ ભરતી માટે ગેરલાયક ઠરેલ ન હોય તો આ ભરતીમાં અરજી કરી શકશે.

(4.21) જાહેરાત/સુચનાઓમાં જે ઠરાવો/નિયમો/પરિપત્રોનો ઉલ્લેખ કરેલ છે તેમાં વખતો-વખતના સુધારા પણ ધ્યાને લેવાના રહેશે. આ જાહેરાત સબંધે કોઇ વાદવિવાદ કે અર્થઘટન સબંધે કોઇ વિવાદ ઉપસ્થિત થશે, તે સંજોગોમાં સરકારશ્રી દ્વારા ભરતી બાબતમાં જાહેર કરેલ ભરતી નિયમો/પરિપત્રો/ઠરાવોની મૂળ જોગવાઇઓ અંતિમ રહેશે. તેમ છતાં જો આ બાબતે અર્થઘટન અંગેનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો સચિવશ્રી, ગૃહવિભાગ, ગાંધીનગરનો નિર્ણય આખરી રહેશે. જે અરજદારને બંધનકર્તા રહેશે. આ ભરતી નિયમો/પરિપત્રો/ઠરાવો ભરતી બોર્ડની વેબસાઇટ https://gprb.gujarat.gov.in

તથા સરકારશ્રીના ગૃહ વિભાગની વેબસાઇટ http://home.gujarat.gov.in તેમજ સામાન્ય વહીવટ વિભાગની વેબસાઇટ http://gad.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે.

(4.22) અરજી પત્રક ભરવા માટેની સુચનાઓ :

(4.22.1) તમામ જગ્યાઓ માટે ફકત ઓનલાઇન અરજી કરવાની રહેશે. આ ઓનલાઇન અરજી https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપરથી કરી શકાશે.

(4.22.2) નિયત લાયકાતો ધરાવતા ઉમેદવારોએ ઉમેદવાર જો (૧) ફકત પો.સ.ઇ. કેડર માટે અરજી કરવા માંગતા હોય તો તેઓએ Online Application માં PSI Cadre પસંદ કરવાનું રહેશે (૨) ફકત લોકરક્ષક કેડર માટે અરજી કરવા માંગતા હોય તો તેઓએ Online Application માં Lokrakshak Cadre પસંદ કરવાનું રહેશે (૩) જો બંન્ને કેડર માટે (પો.સ.ઇ. કેડર તથા લોકરક્ષક કેડર) અરજી કરવા માંગતા હોય તો તેઓએ Online Application માં Both (PSI and Lokrakshak Cadre) પસંદ કરવાનું રહેશે

(4.22.3) અરજદારે અરજી કરતી વખતે પોતાની સાથે રંગીન પાસપોર્ટ સાઇઝનો ફોટો, સ્કેન કરવા માટે પોતાની સહી, જરૂરી પ્રમાણપત્રો અને પૂરાવા રાખવા. જેથી તેના આધારે જ સાચી માહિતી અરજીમાં ભરી શકાય.

(4.22.4) અરજદારે ઓનલાઇન અરજી ફરજીયાત કન્ફર્મ(CONFIRM) કરવાની રહેશે અને કન્ફર્મ(CONFIRM) થયેલ અરજીની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે.

(4.22.5) અરજી કન્ફર્મ(CONFIRM) થઇ ગયા બાદ ફકરા નંબર 4.23.1 અને 4.23.2 માં આપેલ સુચના અનુસાર પરીક્ષા ફી ભરવાની રહેશે.

આ જાહેરાતના સંદર્ભમાં બોર્ડ દ્વારા ઓનલાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. જે અન્વયે ઉમેદવારો તા.૦૩/૧૨/૨૦૨૫ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા.૨૩/૧૨/૨૦૨૫ (સમય ૨૩:૫૯ કલાક સુધી) દરમ્યાન "https://ojas.gujarat.gov.in" વેબસાઇટ પર ઓન-લાઈન અરજીપત્રક ભરી શકશે.

(4.22.6) Online Application Form ડાઉનલોડ કરીને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સાચવી રાખે તે ઉમેદવારના હિતમાં છે. અરજી કરવાની અંતિમ તારીખ બાદ ઉમેદવાર Application Form ડાઉનલોડ કરી શકશે નહીં.

(4.22.7) એક ઉમેદવાર એક અરજી (No Multiple Applications)

ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગવશાત, જો કોઈ ઉમેદવારે એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ(CONFIRM) થયેલ અરજીને માન્ય રાખીને અન્ય અરજીપત્રકને રદ ગણવામાં આવશે. બિનઅનામત વર્ગના ઉમેદવારોએ છેલ્લી કન્ફર્મ(CONFIRM) થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ હશે તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉની અરજી

સાથે ભરેલી ફી છેલ્લી કન્ફર્મ(CONFIRM) થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ(CONFIRM) થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા ઉમેદવારની બાકીની અરજીઓ પૈકી નિયત ફી સાથેની કન્ફર્મ(CONFIRM) થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

**(4.23)** <u>પરીક્ષા ફી :</u>

(4.23.1) જનરલ (General) કેટેગરીના ઉમેદવારોએ રૂ. ૧૦૦ ફી ઉપરાંત લાગુ પડતા બેંકના સર્વિસ ચાર્જીસ ભરવાના રહેશે. (EWS, Scheduled Castes, Scheduled Tribes, Socially and Educationally Backward Classes તથા માજી સૈનિક ઉમેદવારોએ ફી ભરવાની નથી.)

| અ.નં. | અરજીનો પ્રકાર | ફી ની રકમ |
|---|---|---|
| ૧ | PSI Cadre | રૂ. ૧૦૦ |
| ૨ | Lokrakshak Cadre | રૂ. ૧૦૦ |
| ૩ | Both (PSI+LRD) | રૂ. ૨૦૦ |

(4.23.2) બેંકના સર્વિસ ચાર્જીસ (જેમાં વખતો વખત નિયમોનુસાર વધારો/ઘટાડો થઇ શકે છે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

| Channels | Card Rate (Excl GST) |
|---|---|
| RuPay Card | NIL |
| UPI | NIL |
| Credit Card<br>(VISA / Master / RuPay Amex) | 2% of the Transaction Amount + Tax |
| INB-SBI | Rs.25/- per txn. Amt. + GST |
| INB (HDFC, ICICI, AXIS, KOTAK) | Rs.40/- per txn. Amt. + GST |
| INB-Other Banks | Rs.30/- per txn. Amt. + GST |
| NEFT | Rs.30/- per txn. (Inclusive of GST) |

**નોંધઃ ફી ફકત ઓનલાઇન જ ભરવાની રહેશે. પોસ્ટ ઓફીસ કે બેન્કમાં ચલણ કે રોકડેથી પરીક્ષા ફી ભરી શકાશે નહીં.**

(4.23.3) જે ઉમેદવારોને ફી ભરવાની થાય છે તેવા ઉમેદવારોએ ઉપર દર્શાવ્યા મુજબ ફી ભરવાની થાય છે. ઉમેદવાર જયારે પોતાની અરજી કન્ફર્મ(CONFIRM) કર્યા બાદ ઓનલાઇન પરીક્ષા ફી ભરવા માટે Online Application ટેબમાં Print Application Form / Pay Fees પર Click કરવાથી Online Payment માટેના Options દેખાશે. જેમાં Online Payment of Fees પર Click કરવુ. જેમાં ઉપરોકત મુદ્દા નં. 4.23.2 માં

દર્શાવેલ માધ્યમો પૈકી કોઇપણ એક માધ્યમથી પરીક્ષા ફી ભરવાની રહેશે. આ માધ્યમ પૈકીના કોઇપણ એક માધ્યમ દ્વારા ફી ભર્યા બાદ રીસીપ્ટ જનરેટ થશે, જેની પ્રિન્ટ અવશ્ય મેળવી લેવાની રહેશે.

(4.23.4) ઓનલાઇન ફી ભરવાની છેલ્લી તા.૨૬/૧૨/૨૦૨૫ (રાત્રી ૨૩:૫૯ કલાક સુધી) છે.

(4.23.5) ઓનલાઇન ફી ભરવાની છેલ્લી તારીખ ૨૬/૧૨/૨૦૨૫ બાદ કોઇ પણ સંજોગોમાં અન્ય કોઇપણ રીતે પરીક્ષા ફી સ્વીકારવામાં આવશે નહીં.

(4.23.6) ઓનલાઇન ફી ભરેલ પહોંચની નકલ ઉમેદવારે ભરતી બોર્ડ દ્વારા માંગણી કરવામાં આવે ત્યારે અચૂક રજુ કરવાની રહેશે.

(4.23.7) ફી ભર્યા બાદ કોઇપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી. એક કરતા વધુ વખત ફી ભરેલ હશે તો તે પણ પરત મળવાપાત્ર નથી તેમજ ફી ભરવાપાત્ર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.

(4.23.8) ઓનલાઇન પરીક્ષા ફી ભર્યા બાદ જો આપના મોબાઇલ ઉપર ફી ભર્યા અંગેનો કોઇ મેસેજ ન આવે તો ઉમેદવારે જે માધ્યમથી ઓનલાઇન ફી ભરેલ હોય તે બેંક/બ્રાન્ચનો સંપર્ક કરી, જે બેન્ક ખાતામાંથી ફી ભરેલ હોય તે ખાતાના એકાઉન્ટ સ્ટેટમેન્ટની ચકાસણી કરી, ફી ભર્યાની ખાતરી કરી લેવાની રહેશે.

(4.24) ઓનલાઇન અરજી કર્યા બાદ, શારીરિક ક્ષમતા કસોટી, લેખિત પરીક્ષા તેમજ દસ્તાવેજ ચકાસણી માટેની તારીખો ભરતી બોર્ડની વેબસાઇટ https://gprb.gujarat.gov.in અથવા https://ojas.gujarat.gov.in વેબસાઇટ મારફતે તમામ ઉમેદવારોને જાણ કરવામાં આવશે અને તે મુજબ https://ojas.gujarat.gov.in વેબસાઇટ પરથી કોલ લેટર ડાઉનલોડ કરી પ્રિન્ટ કરી લેવાના રહેશે. આમાં ચૂક થશે તો જવાબદારી ઉમેદવારની રહેશે. ઉપરાંત ભરતી બોર્ડ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવેલ ભરતીને લગતી સૂચનાઓ સમજી, તેનો અમલ કરવાની જવાબદારી ઉમેદવારની રહેશે. તેમાં ચૂક થશે તો તેની જવાબદારી ઉમેદવારની રહેશે.

(4.25) પો.સ.ઇ. કેડર માં બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર અને જેલર ગ્રુપ-ર સંવર્ગમાં પસંદગી પામેલ ઉમેદવારોનો પ્રવર્તમાન હુકમો મુજબ કરારનો સમયગાળો પાંચ વર્ષનો રહેશે આ સમય દરમ્યાન માસિક રૂા. ૪૯,૬૦૦/- ના એકત્રિત વેતન તેમજ સરકારશ્રી જો કોઇ બીજા ભથ્થા નક્કી કરે તો તે મુજબના વેતનથી ફિકસ્ડ પગાર જ મળવાપાત્ર થશે અને કરારના સમયગાળા દરમ્યાન સંતોષકારક રીતે તાલીમ અને નોકરી પૂર્ણ કરશે તો જે-તે સંવર્ગના પગાર ધોરણમાં નિયમિત નિમણુંક આપવામાં આવશે.

(4.26) પો.સ.ઇ. કેડર માં હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર (પ્લાટુન કમાન્ડર) સંવર્ગમાં પસંદગી પામેલ ઉમેદવારોનો પ્રવર્તમાન હુકમો મુજબ કરારનો સમયગાળો ૨૭ માસનો રહેશે. આ સમય દરમ્યાન માસિક રૂા. ૪૯,૬૦૦/- ના એકત્રિત વેતન તેમજ સરકારશ્રી જો કોઇ બીજા

ભથ્થા નક્કી કરે તો તે મુજબના વેતનથી ફિકસ્ડ પગાર જ મળવાપાત્ર થશે અને કરારના સમયગાળા દરમ્યાન સંતોષકારક રીતે તાલીમ અને નોકરી પૂર્ણ કરશે તો જે-તે સંવર્ગના પગાર ધોરણમાં નિયમિત નિમણુંક આપવામાં આવશે.

(4.27) પો.સ.ઇ. કેડર સંવર્ગમાં પસંદગી પામેલ ઉમેદવારોએ કરાર આધારિત સમયગાળા દરમ્યાન નિયમોનુસાર લાઇટ મોટર વ્હીકલ / હેવી મોટર વ્હીકલ ડ્રાઇવીંગ લાયસન્સ મેળવી લેવાનું રહેશે.

(4.28) પો.સ.ઇ. કેડર સંવર્ગની જગ્યાઓમાં નીચે જગ્યાઓમાં નિમણુંક મળવાપાત્ર થશે.

(4.28.1) બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર (પુરૂષ/મહિલા)

(4.28.2) હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર (પ્લાટુન કમાન્ડર) ફકત પુરૂષ

(4.28.3) જેલર ગ્રુપર-૨ (પુરૂષ) તરીકે નિમણુંક મળવાપાત્ર થશે.

(4.29) લોકરક્ષક કેડરમાં બિન હથીયારી કોન્સ્ટેબલ, હથિયારી કોન્સ્ટેબલ, જેલ સિપોઇ (પુરૂષ) અને જેલ સિપોઇ (મહિલા)માં પસંદગી પામેલા ઉમેદવારો પ્રવર્તમાન હુકમો મુજબ લોકરક્ષક સંવર્ગમાં કરાર આધારિત અવધિ માટે ફિકસ્ડ માસિક વેતનથી કરારની શરતો મુજબ નિમણુંક મેળવશે. કરારને અંતે સંતોષકારક સેવા પૂર્ણ કરનારને નિયમિત રીતે મળવાપાત્ર પગાર ધોરણમાં નિમણુંક આપવામાં આવશે. ઉપરોકત તમામ સંવર્ગના પસંદગી પામેલ ઉમેદવારોએ તેઓના કરાર આધારીત સમયગાળા દરમ્યાન નિયમોનુસાર લાઇટ મોટર વ્હીકલ/હેવી મોટર વ્હીકલ માટેનું લાયસન્સ મેળવી લેવાનું રહેશે

(4.30) હથિયારી કોન્સ્ટેબલ (એસ.આર.પી.એફ.) માં પસંદગી પામેલા ઉમેદવારો પ્રવર્તમાન હુકમો મુજબ લોકરક્ષક સંવર્ગમાં કરાર આધારિત અવધિ માટે ફિકસ્ડ માસિક વેતનથી કરારની શરતો મુજબ નિમણુંક મેળવશે. કરારને અંતે સંતોષકારક સેવા પૂર્ણ કરનારને નિયમિત રીતે મળવાપાત્ર પગાર ધોરણમાં નિમણુંક આપવામાં આવશે. આ સંવર્ગના નિમણુંક પામેલ ઉમેદવારોએ નિમણુંક બાદ બે વર્ષ દરમ્યાન લાઇટ મોટર વ્હીકલ/હેવી મોટર વ્હીકલ માટેનું લાયસન્સ મેળવી લેવાનું રહેશે.

(4.31) કોન્સ્ટેબલ-લોકરક્ષક સંવર્ગની જગ્યાઓમાં નીચેની જગ્યાઓમાં નિમણુંક મળવાપાત્ર થશે.

(4.31.1) બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (પુરૂષ/મહિલા)

(4.31.2) હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (પુરૂષ/મહિલા)

(4.31.3) જેલ સિપોઇ (પુરૂષ/મહિલા)

(4.31.4) હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (એસ.આર.પી.એફ) (ફકત પુરૂષ)

**5. <u>પો.સ.ઇ. કેડર પરીક્ષાના ચરણો:</u>**

1St Stage Physical Test (Qualifying nature)

2nd Stage: Main Exam

**6. <u>લોકરક્ષક કેડર પરીક્ષાના ચરણો:</u>**

1St Stage: Physical Test (Qualifying nature)

2nd Stage: Objective MCQ Test

**7.** **<u>પો.સ.ઇ. કેડર તથા લોકરક્ષક કેડરની શારીરીક કસોટી:</u>**

(7.1) પો.સ.ઇ. કેડર તથા લોકરક્ષક કેડરના પરીક્ષા નિયમોમાં જણાવ્યા મુજબ શારીરીક કસોટીના ધોરણો એક સરખા જ રાખવામાં આવેલ છે. જેથી જે ઉમેદવારોએ બંન્ને માટે (પો.સ.ઇ. કેડર તથા લોકરક્ષક કેડર) Online Application માં Both (PSI+LRD) તરીકે અરજી કરેલ છે અને જો બન્ને ભરતી માટે લાયક હોય તો પણ તેઓએ એક જ વાર શારીરિક કસોટી આપવાની રહેશે.

(7.2) કોઇપણ કારણોસર એક જ ઉમેદવારને શારિરીક કસોટી માટે એક કરતા વધુ પ્રવેશ પત્ર મળેલ હોય તો જે પ્રવેશપત્રમાં શારીરીક કસોટીની તારીખ પહેલા આવતી હોય તેવા એક જ પ્રવેશપત્ર ઉપર શારિરીક કસોટી આપવાની રહેશે. એક કરતા વધારે શારિરીક કસોટી આપનારની ઉમેદવારી રદ્દ કરવામાં આવશે.

(7.3) **<u>Physical Test (Qualifying nature):</u>**
શારીરિક કસોટી (Physical Test) માટે વહીવટી અનુકુળતા મુજબ કોઇપણ તારીખે અને સમયે ઉમેદવારોને બોલાવવામાં આવશે અને તે મુજબ શારીરિક કસોટી (Physical Test)માટે ઉમેદવારોએ તેઓને જણાવવામાં આવે તે કેન્દ્ર ખાતે હાજર રહેવાનું રહેશે. શારીરિક કસોટી (Physical Test) માટે તારીખ અને સમય બદલવા અંગેની ઉમેદવારોની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં. આ બાબતમાં બોર્ડનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.

| તમામ જગ્યાઓ માટે નીચે પ્રમાણે એક જ સંયુકત શારીરિક કસોટી યોજાશે. | | | | |
|---|---|---|---|---|
| દોડ | (ક) | પુરૂષ | ૫૦૦૦ મીટર દોડ | વધુમાં વધુ ૨૫ મિનિટમાં દોડ પુરી કરવાની રહેશે. |
| | (ખ) | મહિલા | ૧૬૦૦ મીટર દોડ | વધુમાં વધુ ૯ મિનિટ ૩૦ સેકન્ડમાં દોડ પુરી કરવાની રહેશે. |
| | (ગ) | એક્સ સર્વિસમેન | ૨૪૦૦ મીટર દોડ | વધુમાં વધુ ૧૨ મિનીટ ૩૦ સેકન્ડમાં દોડ પુરી કરવાની રહેશે. |

(7.4) શારીરિક ક્ષમતા કસોટી (Physical Efficiency Test) માં ઉત્તીર્ણ થનાર ઉમેદવારોની શારીરિક માપદંડ કસોટી (Physical Standard Test) લેવામાં આવશે. જેમાં **<u>પો.સ.ઇ. કેડર અને લોકરક્ષક કેડર માટે જરૂરી સુચનાઓના</u>** ફકરા નંબર 4.6 માં જણાવ્યા મુજબ પુરૂષ ઉમેદવારની ઉંચાઇ અને છાતીની તથા મહિલા ઉમેદવારોની ઉંચાઇની માપણી કરવામાં આવશે.

(7.5) શારીરિક ક્ષમતા કસોટી (Physical Efficiency Test) તથા શારીરિક માપદંડ કસોટી (Physical Standard Test) માં ઉત્તીર્ણ થનાર તમામ ઉમેદવારોને પરીક્ષાના પરીણામ આધારે પો.સ.ઇ. કેડર તથા લોકરક્ષક કેડરની આગળની પરીક્ષા માટે બોલાવવામાં આવશે.

(7.6) પો.સ.ઇ. કેડર તથા લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષાનો અભ્યાસક્રમ આ જાહેરાત / સૂચનાઓનાં મુદ્દા નં. 8.1 અને 12.1 મુજબ જ રહેશે.

## 8. પો.સ.ઇ. કેડર ભરતી માટે જરૂરી સુચનાઓ:-

શારીરિક ક્ષમતા કસોટી (Physical Efficiency Test) તથા શારીરિક માપદંડ કસોટી (Physical Standard Test) માં ઉત્તીર્ણ થનાર તમામ ઉમેદવારોને પો.સ.ઇ. કેડરની 2nd Stage: Main Examમાં બોલાવવામાં આવશે.

### (8.1) 2nd Stage: Main Exam

The Main Examination shall be of 300 marks consisting of 2 papers (Objective type and Descriptive type). The Syllabus, duration and marks of each paper are as under:

| PAPER | NAME OF PAPER | MARK | TIME |
|---|---|---|---|
| 1 | GENERAL STUDIES (MCQ) | 200 | 3 Hours |
| 2 | GUJARATI and ENGLISH LANGUAGE SKILL (DESCRIPTIVE) | 100 | 3 Hours |
| | **Total** | **300** | **6 Hours** |

**Syllabus of Main Exam.-**

**PAPER-1 GENERAL STUDIES (MCQ)**

- It shall consists of two parts i.e. Part A + Part B

**PART-A :**

- 100 Mark; 100 MCQs;
- 40 % minimum qualifying standard
- Negative marking 0.25; “E” option

| SYLLABUS | | |
|---|---|---|
| **Sr.** | **Topic** | **Mark** |
| 1 | Reasoning and Data Interpretation | 50 |
| 2 | Quantitative Aptitude | 50 |
| **Total** | | **100** |

**PART-B :**

- 100 Mark; 100 MCQs;
- 40 % minimum qualifying standard
- Negative marking 0.25; “E” option

| SYLLABUS | | |
|---|---|---|
| **Sr.** | **Topic** | **Mark** |
| 1 | The Constitution of India and Public Addministration | 25 |
| 2 | History, Geography, Cultural Heritage | 25 |
| 3 | Current Affairs and General Knowledge | 25 |
| 4 | Enviroment, Science and Tech and Economics | 25 |
| **Total** | | **100** |

1. It shall consist of Multiple Choice Questions (MCQs).
2. Every question shall be of 1 mark.
3. Every attempted question with incorrect answer shall carry a negative mark of 0.25.
4. In every question there shall be one 'E' option of "Not attempted". If the candidate does not intend to answer, he may select this option. If a candidate selects this option, no negative marks shall be given.
5. If a candidate has not selected any of the option given in the question, then it shall carry a negative mark of 0.25.
6. The Candidates shall be required to qualify in both Part A and Part B separately.

**PAPER-2** GUJARATI and ENGLISH LANGUAGE SKILL (DESCRIPTIVE)
100 marks, 3 Hours (180 Minutes)

| Sr. | | Mark |
|---|---|---|
| **PART-A (Gujarati Language skill)** | | |
| 1 | Essay (350 Words) | 30 |
| 2 | Precis Writing | 10 |
| 3 | Comprehension | 10 |
| 4 | Report writing | 10 |
| 5 | Letter Writing | 10 |
| **PART-B (English Language skill)** | | |
| 6 | Precis Writing | 10 |
| 7 | Comprehension | **10** |
| 8 | Translation (From Gujarati to English) | **10** |
| | **Total** | **100** |

1. The Paper 1 of Main Examination shall be objective type and Paper 2 shall be Descriptive type.
2. The Qualifying standard for PAPER-1 GENERAL STUDIES (MCQs) shall be minimum 40% marks in PART-A and PART-B separately.
3. The Qualifying standard for PAPER-2 GUJARATI and ENGLISH LANGUAGE SKILL (DESCIPTIVE) shall be minimum 40% marks.
4. The evaluation of Paper-2 GUJARATI and ENGLISH LANGUAGE SKILL (DESCIPTIVE) shall be made about twenty times the number of vacancies requisitioned of meritorious candidates who have scored minimum 40 percent qualifying marks in PART-A and PART-B of PAPER-1 GENERAL STUDIES (MCQ) separately or the number of all the meritorious candidates who have scored minimum 40 percent qualifying marks in PART-A and PART-B of PAPER-1 GENERAL STUDIES (MCQ) separately, whichever is lower.

(8.2) આ પરીક્ષામાં PAPER-1 માં PART-A અને PART-B **MCQ (Multiple Choice Question)** અને **OMR (Optical Mark Reader)** પદ્ધતિમાં લેવામાં આવશે. તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. દરેક પ્રશ્નમાં એક "Not Attempted" (Option "E")નું વિકલ્પ પણ

આપવામાં આવશે જો કોઇ ઉમેદવાર કોઇ પ્રશ્નનો જવાબ નહીં આપવા માંગતા હોય તો "Not Attempted" (Option "E") વિકલ્પની પસંદગી કરવાની રહેશે. "Not Attempted" (Option "E") વિકલ્પને પસંદ કરવામાં આવે તો કોઇ ગુણ કાપવામાં આવશે નહીં. દરેક સાચા જવાબ માટે એક ગુણ મળશે. તેમજ દરેક ખોટા જવાબ માટે ૦.૨૫ ગુણ કપાશે. ઉમેદવારે કોઇપણ વિકલ્પ પસંદ કરેલ નહીં હોય તો ૦.૨૫ ગુણ કાપવામાં આવશે. એક કરતા વધુ વિકલ્પ પસંદ કરેલ હશે તો ૦.૨૫ ગુણ કાપવામાં આવશે. OMR શીટમાં સફેદ શાહી (White Ink) નો ઉપયોગ નિષેધ છે. જો કોઇ ઉમેદવાર કોઇ પ્રશ્નના જવાબમાં સફેદ શાહી (White Ink) નો ઉપયોગ કરશે તો તે જવાબ ખોટો ગણી ૦.૨૫ ગુણ કાપવામાં આવશે.

(8.3) પ્રશ્નપત્રમાં આપેલ સુચના અનુસાર પરીક્ષાનું માધ્યમ ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે.

(8.4) જે ઉમેદવારો પોતાના મુખ્ય પરીક્ષાના PAPER-1 અને PAPER-2 નું રીચેકીંગ કરાવવા ઇચ્છતા હોય તેવા ઉમેદવારોને રીચેકીંગ માટે પરીક્ષા નિયમમાં દર્શાવ્યા મુજબ લેખિત પરીક્ષાના ગુણ જાહેર થયાના બીજા દિવસથી ૧૫ (પંદર) દિવસનો સમય આપવામાં આવશે અને બોર્ડ ધ્વારા રીચેકીંગ માટે જે ફી નકકી કરવામાં આવે તે ચુકવવાની રહેશે.

(8.5) પેપર-૨ ગુજરાતી અને અંગ્રેજી ભાષા કૌશલ્ય (વર્ણનાત્મક) નું મૂલ્યાંકન પો.સ.ઇ. કેડરનાં તા.૧૫/૧૧/૨૦૨૫ના પરીક્ષા નિયમોમાં દર્શાવ્યા મુજબ કરવામાં આવશે.

## 9. વિશેષ ગુણ ભારાંક :

સરકારશ્રી ગૃહવિભાગ, ગાંધીનગરના તા.૧૫/૧૧/૨૦૨૫ ના ઠરાવ ક્રમાંક: જીએચજી/ ૧૫૨/૨૦૨૫/એમએચકે/૧૦૨૦૧૦/૩૩૫/સી માં કરેલ જોગવાઇ મુજબ પરીક્ષામાં મેળવેલ ગુણમાં નીચે જણાવ્યા મુજબ જે તે ઉમેદવારોને મળવાપાત્ર વધારાના ગુણ ઉમેરવામાં આવશે.

(A) NCCનું માન્ય "સી" સર્ટીફીકેટ ધરાવનાર ઉમેદવારોને વધારાના ૨ (બે) ગુણ આપવામાં આવશે.

(B) રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (અગાઉ રક્ષા શક્તિ યુનિવર્સિટી તરીકે ઓળખાતી) અથવા નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (અગાઉ ગુજરાત ફોરેન્સિક યુનિવર્સિટી તરીકે ઓળખાતું હતું). દ્વારા આપવામાં આવેલ ૧ (એક) વર્ષ અને તેથી વધુ સમયગાળાની કોઈપણ ડિપ્લોમા/ સ્નાતક ડિગ્રી/ પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા/ પોસ્ટ ગ્રેજ્યુએશન ડિગ્રી ધરાવતા ઉમેદવારને નીચે દર્શાવેલ વધારાના ગુણ આપવામાં આવશે.

| | |
|---|---|
| ૧ વર્ષ | – ૦૫ (પાંચ) ગુણ |
| ૨ વર્ષ | – ૦૯ (નવ) ગુણ |
| ૩ વર્ષ | – ૧૨ (બાર) ગુણ |
| ૪ વર્ષ અને તેથી વધારે | – ૧૫ (પંદર) ગુણ |

(C) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૫/૦૨/૧૯૮૦ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૦૭૩-૨૬૬૦-ગ-૨, તા.૦૧/૦૮/૧૯૯૦ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૧૮૮-૩૬૪૪-ગ-૨, તા.૧૮/૦૪/૨૦૦૧ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૯/યુ.ઓ.-૪૧૧૦/ગ.૨,

તા.૧૧/૧૦/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૦૨૦૦૫-યુઓ-૧૨૭૭-ગ.૨ તથા તા.૨૧/૦૨/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૨૦૧૩/૨૪૨૭૯૨/ગ-૨ માં નિયત કરેલ શરતો પરિપૂર્ણ કરનાર અને એથ્લેટીકસ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહીત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનીસ, વોલીબોલ, ટેનીસ, વેઇટ લિફ્ટીંગ, રેસલીંગ, બોકસીંગ, સાઇકલીંગ, જીમ્નેસ્ટીક, જુડો, રાઇફલ શુટીંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકા સ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકુદમાં રાષ્ટ્રીય/આંતર રાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે મુખ્ય પરીક્ષાના PAPER-1 અને PAPER-2 માં મેળવેલ કુલ ગુણના ૫(પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના ઉપરોકત તા.૨૫/૦૨/૧૯૮૦ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૦૭૩-૨૬૬૦-ગ-૨ તથા તા.૦૧/૦૮/૧૯૯૦ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૧૮૮-૩૬૪૪- ગ-૨ માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર ભરતી બોર્ડ માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમત-ગમતના વિશેષ ગુણ માટે હકદાર થશે. ઉમેદવાર જો ભરતી બોર્ડ માંગે ત્યારે આવું પ્રમાણપત્ર રજૂ નહીં કરી શકે તો આવા ઉમેદવારને રમતવીર તરીકેના લાભ મળવાપાત્ર થશે નહીં.

(D) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૨/૦૫/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ અને તા.૩૧/૦૮/૨૦૦૪ ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ-૨ માં ઠરાવ્યા મુજબ વિધવા મહિલા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવા માટે મુખ્ય પરીક્ષાના PAPER-1 અને PAPER-2 માં મેળવેલ કુલ ગુણના ૫% ગુણ આપવામાં આવશે. પરંતુ આ માટે તેઓએ નિમણુંક સમયે પૂન: લગ્ન કરેલ ન હોવા જોઇએ. તે અંગે ભરતી બોર્ડ/સરકારશ્રી માંગે ત્યારે અને તેવા તમામ પુરાવા/પ્રમાણપત્ર અસલમાં રજૂ કરવાના રહેશે.

**10**. દસ્તાવેજ ચકાસણી માટે ઉમેદવારોનું મેરીટ નીચે મુજબના ગુણને ધ્યાને લઇ નક્કી કરવામાં આવશે.

(10.1) મુખ્ય પરીક્ષાના PAPER-1 અને PAPER-2 માં મેળવેલ કુલ ગુણ

(10.2) NCC "સી" સર્ટીફીકેટ આધારે મળવાપાત્ર વિશેષ ગુણ

(10.3) રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (અગાઉ રક્ષા શક્તિ યુનિવર્સિટી તરીકે ઓળખાતી) અથવા નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (અગાઉ ગુજરાત ફોરેન્સિક યુનિવર્સિટી તરીકે ઓળખાતું હતું) ના પ્રમાણપત્ર આધારે મળવાપાત્ર વિશેષ ગુણ

(10.4) માન્ય રમતગમતના પ્રમાણપત્ર આધારે મળવાપાત્ર વિશેષ ગુણ

(10.5) વિધવા મહિલાને મળવાપાત્ર વિશેષ ગુણ

(10.6) ઉપરોકત જણાવેલ મળવાપાત્ર ગુણનો સરવાળો કરી મેરીટના આધારે ખાલી જગ્યાના આશરે ૨ (બે) ગણા ઉમેદવારોને દસ્તાવેજ ચકાસણી માટે બોલાવવામાં આવશે. જેના આધારે અંતિમ પસંદગી યાદી બોર્ડ ધ્વારા તૈયાર કરવામાં આવશે.

(10.7) ઉમેદવારોએ દસ્તાવેજ ચકાસણી માટેના કોલલેટર ડાઉનલોડ કરતી વખતે સંવર્ગનો પસંદગી ક્રમ(PREFERENCE) અવશ્ય જણાવવાનો રહેશે. જે ધ્યાને લઇ તથા ઉમેદવારનું મેરીટ ધ્યાનમાં લઇ પસંદગીનો સંવર્ગ નકકી કરવામાં આવશે.

(10.8) એક વાર સંવર્ગનો પસંદગી ક્રમ(PREFERENCE) આપ્યા બાદ કોઇપણ સંજોગોમાં બદલવામાં આવશે નહીં તે તમામને બંધનકર્તા રહેશે. આ અંગે બોર્ડનો નિર્ણય આખરી રહેશે.

**11.** <u>પસંદગી યાદી :</u>

દસ્તાવેજ ચકાસણીમાં કવોલીફાઇડ થયેલ ઉમેદવારોને મુખ્ય પરીક્ષાના PAPER-1 અને PAPER-2 માં મેળવેલ ગુણ, NCC “સી” સર્ટીફીકેટના મળવાપાત્ર વધારાના ગુણ, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (અગાઉ રક્ષા શક્તિ યુનિવર્સિટી તરીકે ઓળખાતી) અથવા નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (અગાઉ ગુજરાત ફોરેન્સિક યુનિવર્સિટી તરીકે ઓળખાતું હતું) પ્રમાણપત્રના મળવાપાત્ર વધારાના ગુણ, રમતવીરોને મળવાપાત્ર વધારાના ગુણ, વિધવાને મળવાપાત્ર વધારાના ગુણ તથા ઉમેદવારે આપેલ સંવર્ગના પસંદગી ક્રમ(PREFERENCE)ને લક્ષમાં લઇને આખરી પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

પસંદગી યાદી તૈયાર કરતી સમયે બે કે તેથી વધારે ઉમેદવારોના સમાન ગુણ હશે ત્યારે

(11.1) તેવા કિસ્સામાં ઉમેદવારોની જન્મ તારીખ ધ્યાને લેવામાં આવશે. જન્મ તારીખ પ્રમાણે વધુ ઉંમરવાળા ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

(11.2) જો ગુણ અને જન્મ તારીખ બંન્ને સમાન હોય ત્યારે ઉમેદવારોની ઉંચાઇ ધ્યાને લેવામાં આવશે, જે ઉમેદવારની ઉંચાઇ વધુ હશે તે ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે

(11.3) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૭/૦૭/૨૦૧૮ તથા તા.૧૦/૧૨/૨૦૧૮ ના સરખા ઠરાવ ક્રમાંકઃ પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ.૨ માં જણાવ્યા પ્રમાણે પ્રતિક્ષાયાદી રાખવામાં આવશે નહીં.

**12.** **<u>લોકરક્ષક કેડર ભરતી માટે જરૂરી સુચનાઓ:-</u>**

શારીરિક ક્ષમતા કસોટી (Physical Efficiency Test) તથા શારીરિક માપદંડ કસોટી (Physical Standard Test) માં ઉત્તીર્ણ થનાર તમામ ઉમેદવારોને લોકરક્ષક કેડરની 2nd Stage: Objective MCQ Test માં બોલાવવામાં આવશે.

(12.1) 2Nd Stage Objective MCQ Test:

***Total ( Part A + B ) = 200 MCQ, 200 Marks, 3 Hours (180 Minutes)***

**PART-A :**

- 80 Mark; 80 MCQ;
- 40 % minimum qualifying standard
- Negative marking 0.25; “E” option

| SYLLABUS | | |
|---|---|---|
| **Sr.** | **Topic** | **Mark** |
| 1 | Reasoning and Data Interpretation | 30 |
| 2 | Quantitative Aptitude | 30 |
| 3 | Comprehension in Gujarati language | 20 |
| **Total** | | **80** |

**PART-B :**

- 120 Mark; 120 MCQ;
- 40 % minimum qualifying standard
- Negative marking 0.25; “E” option

| SYLLABUS | | |
|---|---|---|
| **Sr.** | **Topic** | **Mark** |
| 1 | The Constitution of India | 30 |
| 2 | Current Affairs, Science and Technology, General Knowledge | 40 |
| 3 | History, Cultural Heritage and Geography of Gujarat and Bharat | 50 |
| **Total** | | **120** |

1. The Objective MCQ Test shall consist of Multiple Choice Question (MCQ).
2. Every question shall be of 1 mark.
3. Every attempted question with incorrect answer shall carry a negative mark of 0.25.
4. In every question there shall be one option of “Not attempted (Option “E”)”. If the candidate does not intend to answer, he may select this option. If the candidate selects this option, the negative marks shall not be given.
5. If the candidate has not selected any of the option given in the question, then it shall carry a negative mark of 0.25.
6. The qualification Standard for Part A and Part B shall be considered separately.
7. Candidate require to be qualified in both the Part A and Part B separately in order to be enlist in merit list.
8. The order of merit shall be prepared based on the aggregate marks obtained in Part A and Part B ( Hereinabove case obtained marks out of 200 ).

(12.2) આ પરીક્ષા Objective MCQ પદ્ધતિમાં લેવામાં આવશે. તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. દરેક પ્રશ્નમાં એક “Not Attempted” (Option “E”)નું વિકલ્પ પણ આપવામાં આવશે જો કોઇ ઉમેદવાર કોઇ પ્રશ્નનો જવાબ નહીં આપવા માંગતા હોય તો “Not Attempted” (Option “E”) વિકલ્પની પસંદગી કરવાની રહેશે. “Not Attempted” (Option “E”) વિકલ્પને પસંદ કરવામાં આવે તો કોઇ નેગેટીવ માર્કીંગ થશે નહીં. દરેક સાચા જવાબ માટે એક ગુણ મળશે. તેમજ દરેક ખોટા જવાબ માટે ૦.૨૫ ગુણ કાપવામાં આવશે. ઉમેદવારે કોઇપણ વિકલ્પ પસંદ કરેલ નહીં હોય તો ૦.૨૫ ગુણ કાપવામાં આવશે. એક કરતા વધુ વિકલ્પ પસંદ કરેલ હશે તો ૦.૨૫ ગુણ કાપવામાં આવશે. OMR શીટમાં સફેદ શાહી (White Ink) નો ઉપયોગ નિષેધ છે. જો કોઇ ઉમેદવાર કોઇ પ્રશ્નના જવાબમાં સફેદ શાહી (White Ink) નો ઉપયોગ કરશે તો તે જવાબ ખોટો ગણી ૦.૨૫ ગુણ કાપવામાં આવશે.

**(12.3)** પ્રશ્નપત્રમાં આપેલ સુચના અનુસાર પરીક્ષાનું માધ્યમ ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે.

**(12.4)** જે ઉમેદવારો પોતાના પરીક્ષાના OMR Sheet નું રીચેકીંગ કરાવવા ઇચ્છતા હોય તેવા ઉમેદવારોને રીચેકીંગ માટે પરીક્ષા નિયમમાં દર્શાવ્યા મુજબ લેખિત પરીક્ષાના ગુણ જાહેર થયાના બીજા દિવસથી ૧૫ (પંદર) દિવસનો સમય આપવામાં આવશે અને બોર્ડ ધ્વારા રીચેકીંગ માટે જે ફી નકકી કરવામાં આવે તે ચુકવવાની રહેશે.

(12.5) <u>વિશેષ ગુણ ભારાંક</u> :

સરકારશ્રી ગૃહવિભાગ, ગાંધીનગરના તા.૦૭/૦૨/૨૦૨૪ ના ઠરાવ ક્રમાંક : જીએચજી/ ૨૧/ ૨૦૨૪/એમએચકે/૧૦૧૦/૧૩૯૩/સી માં કરેલ જોગવાઇ મુજબ,પરીક્ષામાં મેળવેલ ગુણમાં નીચે જણાવ્યા મુજબ જે તે ઉમેદવારોને મળવાપાત્ર વધારાના ગુણ ઉમેરવામાં આવશે.

(A) NCCનું “સી” સર્ટીફીકેટ ધરાવનાર ઉમેદવારોને વધારાના ૨(બે) ગુણ આપવામાં આવશે.

(B) રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (અગાઉ રક્ષા શક્તિ યુનિવર્સિટી તરીકે ઓળખાતી) અથવા નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (અગાઉ ગુજરાત ફોરેન્સિક યુનિવર્સિટી તરીકે ઓળખાતું હતું). દ્વારા આપવામાં આવેલ ૧ (એક) વર્ષ અને તેથી વધુ સમયગાળાની કોઈપણ ડિપ્લોમા/ સ્નાતક ડિગ્રી/ પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા/ પોસ્ટ ગ્રેજ્યુએશન ડિગ્રી ધરાવતા ઉમેદવારને નીચે દર્શાવેલ વધારાના ગુણ આપવામાં આવશે.

૧ વર્ષ – 03 (ત્રણ) ગુણ
૨ વર્ષ – ૦૫ (પાંચ) ગુણ
૩ વર્ષ – ૦૮ (આઠ) ગુણ
૪ વર્ષ અને તેથી વધારે – ૧૦ (દસ) ગુણ

(C) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૫/૦૨/૧૯૮૦ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૦૭૩-૨૬૬૦-ગ-૨, તા.૦૧/૦૮/૧૯૯૦ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૧૮૮-૩૬૪૪-ગ-૨, તા.૧૮/૦૪/૨૦૦૧ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/ ૧૦૯૯/યુ.ઓ.-૪૧૧૦/ગ.૨, તા.૧૧/૧૦/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૦૨૦૦૫-યુઓ-૧૨૭૭-ગ.૨ તથા તા.૨૧/૦૨/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૨૦૧૩/૨૪૨૭૯૨/ગ-૨ માં નિયત કરેલ શરતો પરિપૂર્ણ કરનાર અને એથ્લેટીકસ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહીત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનીસ, વોલીબોલ, ટેનીસ, વેઇટ લિફ્ટીંગ, રેસલીંગ, બોકસીંગ, સાઇકલીંગ, જીમ્નેસ્ટીક, જુડો, રાઇફલ શુટીંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકા સ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકુદમાં રાષ્ટ્રીય/આંતર રાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે Objective MCQ Test માં મેળવેલ કુલ ગુણના ૫(પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના

ઉપરોકત તા.૨૫/૦૨/૧૯૮૦ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૦૭૩-૨૬૬૦-ગ-૨ તથા તા.૦૧/૦૮/૧૯૯૦ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૧૮૮-૩૬૪૪-ગ-૨ માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર ભરતી બોર્ડ માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમત-ગમતના વિશેષ ગુણ માટે હકદાર થશે. ઉમેદવાર જો ભરતી બોર્ડ માંગે ત્યારે આવું પ્રમાણપત્ર રજૂ નહીં કરી શકે તો આવા ઉમેદવારને રમતવીર તરીકેના લાભ મળવાપાત્ર થશે નહીં.

(D) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૨/૦૫/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ અને તા.૩૧/૦૮/૨૦૦૪ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ-૨ માં ઠરાવ્યા મુજબ વિધવા મહિલા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવા માટે Objective MCQ Test માં મેળવેલ કુલ ગુણના ૫% ગુણ આપવામાં આવશે. પરંતુ આ માટે તેઓએ નિમણુંક સમયે પૂન: લગ્ન કરેલ ન હોવા જોઇએ. તે અંગે ભરતી બોર્ડ/સરકારશ્રી માંગે ત્યારે અને તેવા તમામ પુરાવા/પ્રમાણપત્ર અસલમાં રજૂ કરવાના રહેશે.

**13.** દસ્તાવેજ ચકાસણી માટે ઉમેદવારોનું મેરીટ નીચે મુજબના ગુણને ધ્યાને લઇ નક્કી કરવામાં આવશે.

(13.1) Objective MCQ Test માં મેળવેલ કુલ ગુણ

(13.2) NCC "સી" સર્ટીફીકેટ આધારે મળવાપાત્ર વિશેષ ગુણ

(13.3) રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (અગાઉ રક્ષા શક્તિ યુનિવર્સિટી તરીકે ઓળખાતી) અથવા નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (અગાઉ ગુજરાત ફોરેન્સિક યુનિવર્સિટી તરીકે ઓળખાતું હતું) ના પ્રમાણપત્ર આધારે મળવાપાત્ર વિશેષ ગુણ

(13.4) માન્ય રમતગમતના પ્રમાણપત્ર આધારે મળવાપાત્ર વિશેષ ગુણ

(13.5) વિધવા મહિલાને મળવાપાત્ર વિશેષ ગુણ

(13.6) ઉપરોકત જણાવેલ મળવાપાત્ર ગુણનો સરવાળો કરી મેરીટના આધારે ખાલી જગ્યાના આશરે ૨ (બે) ગણા ઉમેદવારોને દસ્તાવેજ ચકાસણી માટે બોલાવવામાં આવશે. જેના આધારે અંતિમ પસંદગી યાદી બોર્ડ ધ્વારા તૈયાર કરવામાં આવશે.

(13.7) ઉમેદવારોએ દસ્તાવેજ ચકાસણી માટેના કોલલેટર ડાઉનલોડ કરતી વખતે સંવર્ગનો પસંદગી ક્રમ(PREFERENCE) અવશ્ય જણાવવાનો રહેશે. જે ધ્યાને લઇ તથા ઉમેદવારનું મેરીટ ધ્યાનમાં લઇ પસંદગીનો સંવર્ગ નકકી કરવામાં આવશે.

(13.8) એક વાર સંવર્ગનો પસંદગી ક્રમ(PREFERENCE) આપ્યા બાદ કોઇપણ સંજોગોમાં બદલવામાં આવશે નહીં તે તમામને બંધનકર્તા રહેશે. આ અંગે બોર્ડનો નિર્ણય આખરી રહેશે.

14. <u>પસંદગી યાદી :</u>

Objective MCQ Test માં મેળવેલ ગુણ, NCC "સી" સર્ટીફીકેટના મળવાપાત્ર વધારાના ગુણ, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (અગાઉ રક્ષા શક્તિ યુનિવર્સિટી તરીકે ઓળખાતી) અથવા નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (અગાઉ ગુજરાત ફોરેન્સિક યુનિવર્સિટી તરીકે ઓળખાતું હતું) પ્રમાણપત્રના મળવાપાત્ર વધારાના ગુણ, રમતવીરોને મળવાપાત્ર વધારાના ગુણ તથા વિધવાને મળવાપાત્ર વધારાના ગુણ તથા ઉમેદવારે આપેલ સંવર્ગના પસંદગી ક્રમ(PREFERENCE)ને લક્ષમાં લઇને બિન હથિયારી કોન્સ્ટેબલ, હથિયારી કોન્સ્ટેબલ, જેલ સિપોઇ અને હથિયારી કોન્સ્ટેબલ (એસ.આર.પી.એફ.) સંવર્ગની આખરી પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે. પસંદગી યાદી તૈયાર કરતી સમયે બે કે તેથી વધારે ઉમેદવારોના સમાન ગુણ હશે ત્યારે

(14.1) તેવા કિસ્સામાં ઉમેદવારોની જન્મ તારીખ ધ્યાને લેવામાં આવશે. જન્મ તારીખ પ્રમાણે વધુ ઉંમરવાળા ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

(14.2) જો ગુણ અને જન્મ તારીખ બંન્ને સમાન હોય ત્યારે ઉમેદવારોની ઉંચાઇ ધ્યાને લેવામાં આવશે, જે ઉમેદવારની ઉંચાઇ વધુ હશે તે ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે

(14.3) જો ગુણ, જન્મ તારીખ અને ઉંચાઇ સમાન હોય ત્યારે ઉમેદવારોના હાયર સેકન્ડરી પરીક્ષા અથવા ગુજરાત સરકારશ્રી ધ્વારા માન્ય ધોરણ-૧૨ સમકક્ષ પરીક્ષામાં મેળવેલ ગુણ ધ્યાને લેવામાં આવશે. જે ઉમેદવારના ગુણ વધુ હશે તે ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે

(14.4) જો ગુણ, જન્મ તારીખ, ઉંચાઇ અને હાયર સેકન્ડરી પરીક્ષા અથવા ગુજરાત સરકારશ્રી ધ્વારા માન્ય ધોરણ-૧૨ સમકક્ષ પરીક્ષામાં મેળવેલ ગુણ સમાન હોય ત્યારે ઉમેદવારે એસ.એસ.સી. પરીક્ષામાં મેળવેલ ગુણ ધ્યાને લેવામાં આવશે. જે ઉમેદવારના ગુણ વધુ હશે તે ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે

(14.5) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૭/૦૭/૨૦૧૮ તથા તા.૧૦/૧૨/૨૦૧૮ ના સરખા ઠરાવ ક્રમાંકઃ પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ.૨ માં જણાવ્યા પ્રમાણે પ્રતિક્ષાયાદી રાખવામાં આવશે નહીં.

**15**. આ જાહેરાતમાં દર્શાવેલ સંવર્ગોની ભરતી માટે સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ ભરતી નિયમો / પરીક્ષા નિયમો / ઠરાવો / પરિપત્રો / સૂચનાઓ આધારે આ જાહેરાત તૈયાર કરવામાં આવેલ છે. આ જાહેરાતના અર્થઘટન બાબતે કોઇ વિવાદ કે મતભેદના કિસ્સામાં સરકારશ્રી દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવેલ નિયમો / ઠરાવો / પરિપત્રો / સૂચનાઓ આખરી ગણાશે.

**16**. વધુ પૃચ્છા માટે તા.03/૧૨/૨૦૨૫ થી તા.૨૬/૧૨/૨૦૨૫ દરમ્યાન ટોલ ફ્રી નંબર: 1800 233 5500 ઉપર સવારના કલાક:૧૦:૩૦ થી સાંજના કલાક ૧૮:00 સુધી (રવિવાર તથા જાહેર રજાના દિવસ સિવાય) પુછપરછ કરી શકાશે.

**Sd/-**

( નિરજા ગોટરૂ, IPS )

પોલીસ મહાનિદેશક અને અધ્યક્ષ,

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ

ગાંધીનગર.

સ્થળ : ગાંધીનગર

તારીખ : **03/૧૨/૨૦૨૫**